## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ખોટે રસ્તે આવીને સૌને ધંધે લગાડે છે પૈસો!*
*બેનંબરી, આવે કે જાય, ત્યારે જગાડે છે પૈસો!*
*ભગાડે છે પૈસો, સુખ-શાંતિ અન મીઠી નિંદર -*
*લોહી અને લાગણીના સંબંધો બગાડે છે પૈસો!*

### હાઈકુ

*લ્યો! યા વાળાએ -*
*પીવડાવી 'કડક'*
*છીનવી ઉંઘ!*

*'ચૂંટણી' સ્વાર્થે,*
*ખોરવ્યું અર્થતંત્ર -*
*અરાજકતા!*

### ચિંતન

*જનમ રક જનુ પારસ પાવા, અંધહિ લોચન લાભુ સુહાના*
*મૂક બદન જનુ સારદ છાઈ, માનહું સમર સૂરજય પાઈ*

ઉપરોક્ત ચોપાઈ રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જન્મના દરિદ્રીને પારસમણિ મળી જાય, આંધળાને સુંદર નેત્ર મળી જાય, મુંગાને સુખમાં સરસ્વતી મળી જાય, યોદ્ધાઓ નો લડાઈમાં જય થાય. અને જેવો આનંદ થાય એવો આનંદ રામના દર્શન માત્રથી થાય છે.

સાક્ષાત્કાર, પરમજ્ઞાન, દિવ્યચક્ષુની પ્રાપ્તિનો આનંદ કાંઈ ઔર જ છે એને શબ્દો દ્વારા અભિવ્યક્તિ કરી શકતો નથી પણ જે રોમાંચનો અનુભવ થાય છે તેનો અહીં દૃષ્ટાંતો દ્વારા 'આનંદ' કેવો હોય એ વર્ણવ્યું છે.

### સુવિચાર

- જે કોઈ કર્મ કરે છે એને સાધનામાં બેસવાની જરુર નથી - **જનકલ્યાણ**
- દરિયામાં ચારે તરફ પાણી જ હોય છે અને તેમાં જ દરેક હોડીએ આગળ જવાનું હોય છે - **અબ્રાહ્મ લિંકન**
- આનંદ અને ઉત્સાહવાળી મુખમુદ્રા જ ઉન્નતિ અને સભ્યતાની નિશાની છે - **ઈમર્સન**
- આપણા સમાજમાં બે ઘટના સતત બનતી જ રહી છે, માળી ઘટના અને કઠિયારો ઘટના... માળી ખીલવે છે ખોરવતો નથી. કઠિયારો કાપે છે, ઉગાડતો નથી - **ગુણવંત શાહ**
- તમારો ઉદ્દેશ ભવ્ય રાખો પછી તમે કદાચ નિષ્ફળ જાઓ તો પણ તમારી કીર્તિ ક્યારેય ઝાંખી નહીં પડે - **નવનીત**
- આઘાત ઘણીવાર જીવનમાં નવી દિશા ખોલી આપે છે - **ગુણવંત આચાર્ય**
- આજનું ઔષધ : ઈંડાની સફેદી અને મધ ભેળવી ચહેરા પર લગાવવાથી ત્વચા નિખરે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજે તો બધા ધર્મો અને પંથો સંપ્રદાયના મોટા મોટા છાપખાનાં છે પુસ્તકો-સીડી-વીડિયો બધું સરળતાથી સસ્તામાં મળે છે. પણ હિંદુ ધર્મોના પ્રાચીન ધર્મગ્રંથો વેદો, રામાયણ, મહાભારત, ઉપનિષદો વગેરે સસ્તા ભાવે વેંચાણ કરવાનું શ્રેય 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય' ના સ્થાપકશ્રી ભિક્ષુ અખંડાનંદજીને ફાળે જાય છે.

સ્વામીજી એકવાર મુંબઈમાં પુસ્તક વિક્રેતાની દુકાને એક ભજનની પુસ્તિકા લેવા ગયા તેની કિંમત જોઈ ખચકાઈ ગયા આટલું નાનું પુસ્તક આટલું મોંઘું? લોકો ખરીદે કેમ?

... અને એ જ ક્ષણે ભારતીય હિંદુ ધર્મના આધ્યાત્મિક પુસ્તકો લોકોને વ્યાજબી દરે - રસ્તામાં ઉપલબ્ધ કરાવવાની મનમાં ગાંઠવાળી લીધી.

અને તેના પરિણામે 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' ની સ્થાપના થઈ અને શિષ્ય સાહિત્ય લોકોને સસ્તા દરે આજે પણ પ્રાપ્ત થઈ રહ્યાં છે.

સંસ્થાનું માસિક 'અખંડાનંદ' આજે પણ કોઈ જાહેરખબર વિના 'શિષ્ટત્વ'ના શિખરે બિરાજમાન છે.

# કાશ્મીરમાં અમનશાંતિ : 'સર્જિકલ સ્ટ્રાઈક'ની ફળશ્રુતિ

વડાપ્રધાનની અભિનવ સર્જિકલ સ્ટ્રાઈક પાછળનો એક ઉદ્દેશ આગામી ચૂંટણીઓ દરમિયાન પ્રતિસ્પર્ધી રાજકીય પરીબળોને નવરાં કરી મૂકવાનો હતો એ સમજી શકાય એમ છે. પરંતુ દેશનાં કાળાં નાણાં કરતાં પણ સરહદ પારથી બનાવટી નોટો ઘુસાડતા આતંકવાદીઓ પર નિયંત્રણ મેળવવાની બાબત પણ એમને ભાષણમાં ચર્ચી જ હતી. જમ્મુ અને કાશ્મીરની સરહદે છેલ્લા થોડા દિવસો દરમિયાન તાજિયા ટાઢા પડ્યા હોય એવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે એની પાછળ આ નોટબંધીનું કારણ પણ હોઈ શકે. ભારતે સરહદ પર આક્રમણ વલણ અપનાવ્યું હોવાનો ખુદ પાક વડાપ્રધાન નવાઝ શરીફે આક્ષેપ કર્યો છે. વળી, કાશ્મીરમાં અલગાવવાદી તત્ત્વોએ બંધનું એલાન જારી કર્યું હોવા છતાં બારમા અને દસમા ધોરણની પરીક્ષા આપવા બહુ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઊમટ્યા તેની પણ નોંધ લેવી જોઈએ. આ વિશિષ્ટ ઘટના પછી અલગાવવાદીઓનો પ્રભાવ ઓસરી રહ્યો છે અને સામાન્ય પ્રજા દેશના મુખ્યપ્રવાહ સાથે સંકળાઈને પોતાનું ભવિષ્ય સલામત કરવા કૃતસંકલ્પ છે એવો જ અર્થ નીકળે. સૈનિકો અને પોલીસ પર પથ્થરમારો બંધ થઈ ગયો છે એ પણ સૂચક છે. કહેવાય છે કે સરહદ પારથી આવતાં કાળાં અથવા બનાવટી નાણાંમાં નવરાં બેઠેલા - બેકાર યુવાનોને પથ્થર મારવા બદલ અમુક રકમ ચુકવાતી હતી. નોટબંધીને કારણે એ ચૂકવી શકાતી નહીં હોવાથી રોજમદાર છોકરાઓએ પથ્થર મારવાની કામગીરી અટકાવી દીધી છે. મોદીનાં આ આકરાં પગલાંની આવી પોઝિટિવ અસર કાશ્મીરની તંગદિલી ઘટાડવામાં પણ સહાયક બની શકી હોય તો એ આવકારદાયક બાબત ગણાય. જો કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ વળી કાળાં નાણાંનાં જોર પર જ દેશ મંદીનાં ભયંકર દોરમાં પણ આર્થિક પ્રગતિ કરી શક્યો હોવાનું વિવાદાસ્પદ નિવેદન કર્યું છે. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ એમાં તથ્ય પણ હોઈ શકે, પરંતુ આવું નિવેદન જાહેર કરીને ઉત્તરપ્રદેશના યુવાન મુખ્યમંત્રી પોતાના જ પગ પર કુહાડો મારી રહ્યા હોય એવું નથી લાગતું? મોદી અને શાહનો મુખ્ય ચૂંટણી મુદ્દો હવે પછી કાળાં નાણાં જ હશે. માયાવતી અને અખિલેશ જ નહીં, રાહુલ ગાંધી અને મમતા બેનર્જી જેવાં વિપક્ષી અગ્રણીઓ પણ એમના આક્રમક પ્રચારનું નિશાન બનશે. નોટબંધીથી કાશ્મીર સમસ્યા પણ હળવી થઈ શકતી હોય તો એ કેન્દ્ર સરકાર માટે મોટી સફળતા બની રહેશે. વળી આમ જનતાને બેંકો આગળ લાઈન લગાવતાં જોઈ મોદીનાં વયોવૃદ્ધ માતા સુધ્ધાં બેંકમાં જઈ રૂ.૪૫૦૦-૦૦ બદલાવી આવ્યા. રાજકીય વર્તુળોમાં જ નહીં, આમ જનતામાં પણ એના મિશ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. એક તરફ વડાપ્રધાને આ ચેષ્ઠા દ્વારા એવો સંકેત આપવાની કોશિશ કરી છે કે તકલીફ તો ખુદ મારાં ૯૫ વર્ષનાં માતૃશ્રીને પણ પડી છે, પરંતુ લાંબા ગાળાના દેશહિતમાં આ પગલું જરૂરી હતું. બે નંબરનાં નાણાં ઠેકાણે પાડવામાં ધાંધિયામાં જનધન યોજના હેટળ નવા ખાતેદાર બનેલા ગરીબો પણ સંકોડાઈ રહ્યા છે. જોકે સરકારે એમને વેળાસર ચેતવી દીધા છે અને એમની મળતી બીપીએલ સેવાઓ તથા મા અમૃતમ યોજના કે લોનો પર એથી પ્રતિકૂળ અસર પડી શકે છે. મોદી બેનામી સંપત્તિઓ ધરાવતા માલેતુજારો પર ત્રાટકવાનો નિર્ણય પણ કરી ચૂક્યા છે. જો એમ થશે તો દેશ આખો હચમચી ઊઠશે. છેલ્લાં ઘણાં વર્ષોથી નવધનિક સમુદાય ટેક્સ ચોરી માટે આવા વૈકલ્પિક રસ્તા અપનાવતો રહ્યો છે. ખાટલે મોટી ખોડ કે મોદી આવા ટેક્સચોરોને

**તંત્રીસ્થાનેથી...**

ઝબ્બે કરવા જે તંત્રનો ઉપયોગ કરવા માગે છે એ સદંતર સડેલુ છે. એ બ્યુરોક્રસી જ લોકોને બે નંબરિયું નાણું સાચવવાના રસ્તા બતાવશે, એમાં શંકાને સ્થાન નથી. આવડું મોટું ઐતિહાસિક જોખમ વહોર્યા પછી પણ જો સરકાર કાળાં નાણાંનો વહેવાર નોંધપાત્ર પ્રમાણમાં અટકાવી નહીં શકે તો તે એની અને આ દેશની કમનસીબી જ લેખાશે.

# ગુલીયન બાર સિન્ડ્રોમ...એક વિચિત્ર રોગ

આ દુનિયામાં રોગોની સંખ્યા અગણીત છે. શરદી-ઉધરસ જેવા કોમન રોગો થી લઈને ક્યારેય નામ ન સાંભળ્યા હોય તેવા રેર ગણાતા રોગો પણ હોય. આજે આપણે આવા એક રેર રોગ વિષે વાત કરવી છે. આ રોગ એટલે ગુલીયન બાર સિન્ડ્રોમ (જી.બી.ડી.). આ રોગ રેર એટલા માટે છે કારણકે આ રોગ થવાનો રેશિયો ૧,૦૦,૦૦૦ : ૧ છે. એટલેકે દર એક લાખ લોકો એ એક વ્યક્તિને આ રોગ થવાના ચાંસ છે.

શું છે આ ગુલીયન બાર સિન્ડ્રોમ : જ્યોર્જ ગુલીયન અને જેન્સ એલેક્ઝાન્ડર બાર નામના બે ફ્રેંચ ડોક્ટરોએ આ રોગ વિષે ૧૯૧૬ માં સૌ પ્રથમ વખત ડીટેઈલમાં વિવરણ આપ્યું. આ રોગ થવાનું મૂળ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વિવિધ રિસર્ચને આધારે એટલું જાણી શકાયું છે કે ગુલીયન બાર સિન્ડ્રોમ એ એક ઓટો ઈમ્યુન ડિસીઝ છે. (એટલે કે શરીરની ઈમ્યુનિટીને કારણે થતો રોગ. આપણા શરીરના સૈનિકો વિદેશી સૈનિકોને મારવાને બદલે આપણા જ સૈનિકોનો ખાત્મો બોલાવવા લાગે એ કંડીશનને ઓટો ઈમ્યુનિટી કહેવાય. સોરિયાસીસથી લઈને રૂમેટોઈડ આર્થરાઈટીસ સુધીના ઘણા બધા રોગો ઓટો ઈમ્યુનિટીને કારણે થાય છે) વધુમાં એટલો ખ્યાલ પણ આવ્યો છે કે આ રોગ મોટાભાગે શરીરમાં કોઈ બેક્ટેરિયાના કે વાઈરસના ઈંફેક્શન થયા પછી થાય છે.

ગુલીયન બાર સિન્ડ્રોમમાં આપણી ઈમ્યુનિટી સિસ્ટમ આપણા ચેતાતંતુઓ પર હુમલો કરી તેને ડેમેજ કરે છે. આપણા શરીરના એવા ચેતાતંતુઓ કે જે આપણા મગજ અને શરીરના બીજા ભાગોને કનેક્ટ કરે છે, જેના વડે મગજ શરીરના દરેક ભાગોને સિગ્નલ પહોંચાડે છે તે ચેતાતંતુઓ આ રોગમાં અસર પામે છે. (ખાસ કરીને મસલ્સ-માંસપેશીના ચેતાતંતુઓ).

ગુલીયન બાર સિન્ડ્રોમના લક્ષણો :

- હાથ-પગના આંગળાઓમાં બળતરા અને ઝણઝણાટી થવી
- પગની માંસપેશીઓ નબળી પડવી, ચાલવામાં તકલીફ થવી
- ચાવવામાં તકલીફ પડવી, આંખો તેમજ ચહેરાને ફેરવવામાં તકલીફ પડવી
- કમરમાં ખૂબ દુખાવો થવો
- શ્વાસોચ્છવાસમાં તકલીફ થવી
- પેરેલિસીસ (પક્ષાઘાત) થવો

આ રોગનું નિદાન કરવું અઘરૂ છે કારણકે આ રોગના લક્ષણો ઘણા ન્યુરોલોજીકલ રોગો, મેટલ પોઈઝનીંગ અને મેનેન્જાઈટીસને મળતા આવે છે. આ રોગ ખૂબ ઝડપથી શરીરમાં ફેલાય છે. ક્યારેક એવું પણ બની શકે કે અમુક કલાકોમાં જ આખા શરીરમાં પક્ષાઘાત થઈ જાય. એટલે ચેતવું જરૂરી છે.

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

ગુલીયન બાર સિન્ડ્રોમની ચિકિત્સા:

મોટાભાગના કિસ્સાઓમાં આ રોગ જાનલેવા નથી. યોગ્ય સારવાર વડે દર્દી સ્વસ્થ થઈ શકે છે. દર્દીને સ્વાવલંબી થવામાં અમુક દિવસોથી લઈને અમુક વર્ષો પણ લાગે શકે. આધુનિક ચિકિત્સા શાસ્ત્રમાં પ્લાઝમા એક્સચેંજ અને ઈમ્યુનો ગ્લોબ્યુલીન વડે ગુલીયન બાર સિન્ડ્રોમની સારવાર કરવામાં આવે છે.

આયુર્વેદ મુજબ ગુલીયન બાર સિન્ડ્રોમને વાયુને કારણે થતા રોગો તેમજ વાયુને લગતા અમુક રોગો સાથે સરખાવી શકાય. આયુર્વેદ મૂજબ ચિકિત્સા જોવા જઈએ તો ગળો, દશમૂળ, હળદર, બલા, અશ્વગંધા, આદિ ઔષધિઓ અને તેના યોગો આપી શકાય. રોગની આક્રમકતા ઓછી કરવા અને વ્યક્તિનું રીહેબીલીટેશન કરવા માટે સ્નેહન-સ્વેદન આદિ પ્રક્રિયાઓ ખૂબ ફાયદાકર નિવડી શકે. આ રોગ જવલ્લે જ જોવા મળે છે, પણ ચેતતા નર સદા સુખી...

-contact@atharvaayu.com

# કોને કહું કે કેમ ગુઝારી છે જિંદગી

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી તા.૧૨-૧૧-૨૦૧૬ના રોજ મરીઝ જન્મ શતાબ્દી નિમિત્તે એક અનોખો કાર્યક્રમ ઉજવાઈ ગયો. એમાં બધા જ લોહીઉકાળા ભૂલીને લોકો મરીઝના અદ્‌ભૂત શેરોના આનંદમાં રમમાણ થઈ ગયા. સૌ પ્રથમ ડૉ. એસ.એસ. રાહીએ મરીઝની મુસલસલ ગઝલો વિશે અભ્યાસનીય પ્રવચન આપ્યું. એ પછી નીતિન વડગામાએ મરીઝની ગઝલોમાં રહેલા 'હુશ્ને મિજાજ'ની વાતો કરી શ્રોતાઓને મુગ્ધ કર્યા. છેલ્લે રાજેશ વ્યાસ 'મિસ્કીન' જેઓ મરીઝના પ્રખર અભ્યાસુ છે એમણે તો 'મરીઝ'ના 'ઘર' અંગેના શોરથી સમગ્ર વાતાવરણને રંગીન બનાવી દીધું. સાંભળનારા તેમના વાણીપ્રવાહમાં સાચેસાચ તણાઈ ગયા. આવા યાદગાર કાર્યક્રમ માટે આયોજકોને દિલથી અભિનંદન.

મનના ઉમંગો
રણછોડ પરમાર

મરીઝ એટલે દરદી. પારાવાર દર્દ પોતાની છાતીમાં સંઘરીને જીવતા શખ્સને મરીઝ કહે છે. આવા મરીઝના ખાસ તો દર્દ વિશેના શેરો બાબતે જે મારે થોડીક વાતો કરવી છે. જે સ્વયં મરીઝ છે એની ગઝલોમાં ડગલે પગલે દર્દની વાતો આવ્યા કરે. એટલે દર્દના અગણિત શેરોમાંથી ઘણા શેર આપણા ધ્યાન બહાર રહી જાય. વળી આપણે કંઈ ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન' કે ડૉ. એસ. એસ. રાહી જેવા સન્નિષ્ઠ અભ્યાસુ નથી. તેથી મારી વાતોમાં થોડી કસૂર રહી જાય તો દરગુજર કરજો. તેમનો સર્વસ્વીકૃત ગઝલ સંગ્રહ 'આગમન' છે. એ પછી 'મિસ્કીન' સાહેબે 'સમગ્ર મરીઝ'માં 'નકશા'ની ગઝળો પણ સમાવી લીધી છે. 'આગમન' સંગ્રહની પહેલી ગઝલમાં જ પોતાને શું દુઃખ છે એની કેવી રીતે વાત કરે છે તે જુવો...

**તુજ દર્દ જોઈએ છે મગર આટલું નહિં,**
**થોડી કચાશ કર, મને પૂરી દવા ન દે.**

આમ તો પહેલી ગઝલમાં જ મરીઝે પોતાને કેવી કેવી તકલીફો છે એની નવ શેરમાં નોખી-અનોખી વાતો કરી છે. આખી ગઝળ લખવાનું મન થઈ જાય છે, પણ આવી તો એમની અનેક ગઝલો છે. આપણે આગળ વધવું પડશે. એમની અનેક ગઝલો છે. આપણે આગળ વધવું પડશે. એમની બીજી ગઝલનો પહેલો શેર કેવો છે?

**મને કેવી રીતે કઝા યાદ આવી,**
**કોઈ એમ સમજે દવા યાદ આવી.**

બીજું કોઈ આપણને સાચું-ખોટું કહી જાય ત્યારે હૃદયને દુઃખ થાય તે સ્વભાવિક છે પણ પોતાના જ શેર સ્વયં માટે દુઃખદ બની શકે ખરા? નથી માનતા ને? તો વાંચો.

**મુજ પર સિતમ કરી ગયા મારી ગઝળના શેર,**
**વાંચીને એ રહે છે બીજાના ખ્યાલમાં**

દુઃખની દશા જીરવતાં, જીરવતાં ક્યાંક સુખ મળી જાય તો? એની મરીઝે દસ શેરની યાદગાર ગઝળ લખી છે. જેના બે શેર હું ટાંક્યા વગર રહી નથી શકતો.

**બસ એટલી સમજ મને પરવરદિગાર દે,**
**સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.**
**આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,**
**દે એક મહાન દર્દ અને પારાવાર દે.**

જિંદગીમાં દુઃખ આવે, સુખ પણ આવે. પરંતુ મરીઝ વગર જિંદગીને જીવવાની ફિલસૂફી આવી રીતે બીજું કોઈ સમજી શકે?

**જિંદગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી,**
**જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.**
**દાદનો આભાર, કિંતુ એક શિકાયત છે મને,**
**મારા દિલની વાતને તેં શાયરી સમજી લીધી.**

ઉપરના શેર જેવા જ અનેક બીજા શેર છે. જેમાં વાત હૃદયની, શાયરીની કે ગઝલની હોય દર્દ આવી ચડે છે.

**હજાર દર્દ છે એવાં જે ચૂપ રહીને સહ્યાં,**
**ગઝલની હદમાં નથી, કોણ એ ગઝલમાં લખે ?-**
**લાગણી, દર્દ, મોહબ્બતને અધૂરી આશા,**
**એક જગા પર જો જમા હૃદય થઈ જાએ.**
**હો ગુર્જરીની ઓથ કે ઉર્દૂની ઓ 'મરીઝ'**
**ગઝલો ફક્ત લખાય છે દિલની ઝબાનમાં.**
**દુઃખના બે જ કારણ છે વાત અનુભવે માની,**
**આદમીની લાચારી, આદમીની નાદાની.**
**પ્રણયના દર્દનું બસ નામ છે નહિ તો 'મરીઝ'**
**અનેક દર્દ છે, જેની દવા નથી મળતી.**
**ગયો ને જાય છે, દુઃખનો સમય એક જ દિલાસા પર**
**કે વીતેલો સમય પાછો કદી આવી નથી શકતો.**
**દર્દ રાખે છે દિલ બધા માટે,**
**એ સજા છે કવિ થવા માટે.**
**એનો નથી ખયાલ કે તારી નજર નથી,**
**દુઃખ એ જ છે કે જોઈ રહ્યા છે બધા મને.**
**સિતમ છે એ કે હૃદયની જો વેદના કહીએ,**
**જમાનો એને કવિનો ખયાલ સમજે છે.**
**એક વાત કહી રહ્યો છું. સાહિત્યના વિષયમાં,**
**દુઃખમાં હૃદયને રાખો, રાખો ન દુઃખ હૃદયમાં.**
**મહોબ્બતમાં અને વહેવારમાં એક જ તફાવત છે,**
**તમારું દર્દ હું પૂછું - તમે પૂછો દવા મારી.**
**હજારો દર્દની એક જ દવા છે અવગણના,**
**જખમ રુઝાઈ રહ્યા છે ને સારવાર નથી.**
**મને દિલાસો ન દે આ રૂદન નથી મારું,**
**બીજાની આંખમાં આંસુઓ હું વહાવું છું.**
**આ દર્દ મહોબ્બતનું જે હરગીઝ નથી મટતું,**
**ઉપરથી મજા એ કે મને એની દવા યાદ.**

મરીઝના અસંખ્ય શેરો ઉપરથી મહેફિલમાં આવવા ધક્કામુક્કી કરી રહ્યા છે. પણ હું લેખની મર્યાદા વટી જવા માંગતો નથી. છેલ્લો યાદગાર શેર કહી, શાયરને સલામ કરું છું.

**જિંદગીના રસને પીવામાં જલદી કરો 'મરીઝ'**
**એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.**

# સારા માણસોને શોધવા જઈશું તો થાકી જઈશું માટે, માણસોમાં સારું શોધવા માંડીએ તો ફાવી જઈશું...!

**શ્રીમંતી, સત્તા ને બુદ્ધિ પ્રભુ આપે,**
**ત્રિવેણી સંગમ આ જીવનમાં વ્યાપે!**
**અતડો હું ઈશ્વરથી લાગુ નહિ;**
**ભક્તિને જીવનથી ત્યાગું નહિ!**

આનંદ મેળવવો ને આનંદ આપવો – એ જ જીવનની ઇતિ શ્રી. કૃપાળુ પરમેશ્વરની સચરાચર સૃષ્ટિનું પ્રત્યેક સર્જન નોખું ને ન્યારું છે. ઈશ્વર નિર્મિત પ્રત્યેક વસ્તુ રહસ્ય ગર્ભથી ભરી ભરી છે. દરેક વસ્તુના રૂપ-રંગ, કદ-આકાર ને વજનમાં કઈક વિશેષ ભાષા મૂકેલી છે. પ્રત્યેક વસ્તુ તેના ગુણ-દોષ પોતે જ કહી આપે તેવી રચના સર્જનહારે કરી છે. દરેકમાં કઈ ને કઈ વિશેષતા – ખૂબી મૂકી છે. આ જગતમાં કશું જ નકામું કે નબળું કે ખરાબ નથી. દરેકનું પોતીકું મૂલ્ય છે. દરેકનો આગવો ઉપયોગ છે. દરેકનું નોખું સૌંદર્ય છે. દરેકનું કઈક વિશેષ આકર્ષણ છે. મિત્રો આ બધું પ્રકૃતિની ભાષા ઉકેલતા આવડે તો સહજ સમજાય!!

કણ –કણમાં કિરતાર વ્યાપ્ત છે. પશુ-પંખી, જીવ-જંતુ – કીટકૃમિ – આ બધામાં ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ અપ્રતિમ સર્જન એટલે મનુષ્ય.... સૃષ્ટિ સર્જકે મનુષ્યને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર વિશેષરૂપે બક્ષી અધિકતર બનાવ્યો છે. આપણી આસપાસ વિકસિત અનોખી દુનિયાના અવનવા રૂપરંગ જે નિખરે છે તે માનવ બુદ્ધિના કરતબનું કારણ છે. નિત નવી થતી રહેલી દુનિયા મનુષ્યને મળેલી બુદ્ધિનું પરિણામ છે.

દોસ્તો, આપણને મળેલી આ 'બુદ્ધિ' એટલે.... એક મહાન શક્તિ... એક અલૌકિક બળ – દેવતાઈ પ્રકાશ... આત્માને ઉડવાની પાંખો... મનુષ્યજાત પર ઉતરેલી ઈશ્વરની કૃપા... બુદ્ધિ એટલે મોટામાં મોટું તત્વ... મનુષ્યનું મનુષ્યત્વ.... બુદ્ધિ એટલે જીવ અને શિવને જોડનારી કડી... બુદ્ધિ એટલે દુનિયાના મનુષ્યોની કામધેનું... બુદ્ધિ એટલે બધી જ જાતની હુન્નર કલાનું મૂળતત્વ. બુદ્ધિ એટલે સંસારનો સાર... બુદ્ધિ એટલે ધર્મનું રહસ્ય... બુદ્ધિ એટલે બધા જ ચમત્કારોનું મધ્યબિંદુ... બધા જ શાસ્ત્રોની જનેતા... બુદ્ધિ એટલે અપાર ઊંડાણ... સૌંદર્યનો ભંડાર... ગુણોની ખાણ... આનંદનું રહેઠાણ... આત્માની સખી... એટલું જ નહિ અદ્રશ્ય ઈશ્વરના આપણાથી સમજી શકાય તેવા સ્પષ્ટ અંશને જ સંતો-મહંતો 'બુદ્ધિ' કહે છે.

આપણને મળેલી મહાશક્તિશાળી બુદ્ધિ એ તો કુદરતનું એક અંગ છે. સહુ પોતપોતાની રીતે બુદ્ધિને ખીલવવા મથે તો જ જગતમાં આનંદ વધશે. અને એમાં જ માનવ જીવનની સાર્થકતા સમાયેલી છે. દોસ્તો, આપણી આસપાસ ચરાચર સૃષ્ટિની તમામ વસ્તુઓ અનુપમ કુદરતનું સ્થૂળ સ્વરૂપ છે. આ જગતની વસ્તુઓ એટલે... આપણાથી વાપરી શકાય એવું કુદરતનું ઐશ્વર્ય... જગતની વસ્તુઓ એટલે એક જ મહાતત્વની જુદી જુદી બનાવટો... જગતની વસ્તુઓ એટલે સૃષ્ટિનું સૌંદર્ય – નજારો... પૃથ્વી પર ઉતારી આવેલો ઈશ્વરીય ખજાનો... જગતજનોને સુખી કરવાના સાધનો... જીવતા જાદુ... સ્વર્ગ તરફ લઈ જનારા પગથિયા... અજાયબીના ભંડારો... ઈશ્વરના રમકડા... કુદરતની કલાના અદભૂત નમૂના... અપાર અજાયબ સૃષ્ટિનું પ્રત્યેક સર્જન એટલે ઈશ્વરીય નિયમોનો ઝૂમખો... કુદરતી પોથી વાંચવાની એ બી સી ડી છે. મનુષ્યને દેવત્વ તરફ લઈ જનારી સીડી છે. જગતની વસ્તુઓ એટલે માણસોનો પારસમણી છે... જગતમાં રહેલા પ્રત્યક્ષ દેવો જ છે... જગતની ચીજ વસ્તુઓ એટલે ઈશ્વરીય ચૈતન્યનું આપણાથી સમજી શકાય ને વાપરી શકાય એવું સ્થૂળરૂપ... સરળ રીતે કહું તો જગતની વસ્તુઓ એટલે વસ્તુઓ રૂપે ઈશ્વર પોતે... વેદોક્તિ છે "આ બધું દેખાય તે બ્રહ્મ છે. ગીતામાં કહેવાયું છે. આ બધું ઈશ્વરરૂપ જ છે. એટલું જ નહિ ગીતામાં એમ પણ કહેવાયું છે કે,

લાગણીનો મેળો
રસિક વાળંદ

આ બધું જગત મારામાં રહેલું છે. એ મને જુએ છે. અને આ જગતની બધી વસ્તુઓમાં તથા બધા ઠેકાણામાં હું રહેલો છું. એમ જે જુએ છે તે માણસ મારાથી દૂર નથી અને હું તેનાથી દૂર નથી. અર્થાત એવી દ્રષ્ટિવાળો ને અનુભવવાળો મહાત્મા મારામાં છે. અને હું તેનામાં જ છું. આપણે ઘણીવાર કહીએ છીએ દ્રષ્ટિ તેવી સૃષ્ટિ....

દોસ્તો, જીવનને સમજશો તો જગત જોતાં આવડશે ને પછી જ જગદીશનો પ્રેમ સમજાશે.. મળેલું માનવ જીવન બીજાને આનંદ આપવા સારું છે અને ઈશ્વરને રાજી કરવા સારું છે. જગતની વસ્તુઓમાંથી આનંદ મેળવતા શીખીએ. ઈશ્વરનું પ્રત્યેક સર્જન એક પ્રકાશપૂંજ છે. બેટરી સમું છે. આપણે પણ ઈશ્વરના જ સર્જન છીએ. પ્રકાશસ્ત્રોત છીએ. આપણે કશું જ નવું કરવાનું નથી. બસ... સંતો મહંતો ને મનીષીઓએ ચાતરેલા ચીલે ચીલે ચાલવાનું છે. થઈ શકે એવા ભલા કામો કરવાના... કલ્યાણ કામો કરતાં રહીએ.. પરમાર્થ સાધતા રહીએ... સાચા ને સારાના નિમિત્ત બનીએ તો ય ઘણું... જગત પિતાના પ્રેમને પારખી પરમાર્થના ઈજનેર બનીએ!

***સ્પર્શમણિ :***

**સારા માણસોને શોધવા જઈશું તો થાકી જઈશું માટે**
**માણસોમાં સારું શોધવા માંડીએ તો ફાવી જઈશું...!**

- Rasikvaland1965@gmail.com